ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ A.C.-Minuits-17th Jul /૨૦૦૯/ ૨૬૦૭ થી ૨૬૩૨ તા. ૩૦/

પ્રતિ,
ડૉ. કે. એમ. ત્રિવેદી.
એચ.ઓ.ડી., ડીપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
મો.૯૪૨૭૪ ૦૭૪૫૧

**વિષય :–** તા.૧૭/૦૭/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકેડેમિક કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૭/૦૭/'૦૯નાં રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલ મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ મોકલવામાં આવે છે જેમાં થયેલ ઠરાવ અન્વયેની કાર્યવાહીની નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

૩૦/૭/૦૯

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ રવાના:** ૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.
૨. પરીક્ષા નિયામકશ્રી,પરીક્ષા વિભાગ, કચ્છ યુનિવર્સિટી.
૩. હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, કચ્છ યુનિવર્સિટી,ભુજ.
૪. ગ્રંથપાલશ્રી,ગ્રંથાલય, કચ્છ યુનિવર્સિટી,ભુજ.
૫. વિદ્યાર્થી વિભાગ, કચ્છ યુનિવર્સિટી,ભુજ.

## એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૭/૦૭/'૦૯ નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધઃ

આજ રોજ તા.૧૭/૦૭/'૦૯નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકેડેમિક કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

**અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડૉ. કે. વી. ગોર, | હાજર |
| ૨ | ડૉ. દર્શનાબેન ધોળકિયા. | હાજર |
| ૩ | ડૉ. શ્રીધર રાજેશ્વરન. | હાજર |
| ૪ | ડૉ. કે. એમ. ત્રિવેદી. | હાજર |
| ૫ | ડૉ. ટી.આર. હાથી. | હાજર |
| ૬ | ડૉ. જી. એ. બક્ષી. | હાજર |
| ૭ | ડૉ. એમ. જી. ઠક્કર. | હાજર |
| ૮ | ડૉ. પી. એસ. હિરાણી. | હાજર |
| ૯ | ડૉ. બી. એસ. પટેલ. | હાજર |
| ૧૦ | શ્રીમતી એસ.કે. પંડિત. | હાજર |
| ૧૧ | શ્રી એચ. ટી.ખીયાણી. | ગેર હાજર |
| ૧૨ | શ્રી એમ.એસ.રાઠોડ. | ગેરહાજર |
| ૧૩ | ડૉ.એન. એ.ઠાકર. | હાજર |
| ૧૪ | શ્રી ટી.જે. મટાણી. | ગેરહાજર |
| ૧૫ | શ્રી જે.એમ.પટેલ. | ગેરહાજર |
| ૧૬ | ડૉ. લાલજી વી.ફફલ. | ગેરહાજર |
| ૧૭ | શ્રી એસ.જે. મહેશ્વરી. | હાજર |
| ૧૮ | શ્રી કમલેશ કે.બુધ્ધભટ્ટી. | હાજર |
| ૧૯ | ડૉ. એસ.જી.ધર્માણી. | હાજર |
| ૨૦ | શ્રી પી.ડી. ઉદેશી. | હાજર |
| ૨૧ | ડૉ. જે.એચ. દક્ષિણી. | ગેરહાજર |
| ૨૨ | ડૉ. ડી.કે.પૈજા. | ગેરહાજર |
| ૨૩ | શ્રી પી. સી.શાહ. | હાજર |
| ૨૪ | શ્રી આર.એસ.લુહાણા. | હાજર |
| ૨૫ | શ્રી કે.એસ.વોરા. | હાજર |
| ૨૬ | શ્રી એ.એચ.ગોર. | હાજર |

૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :

ગત મિનિટ્સનું વાંચન વખતે નીચેનાં મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ હતી અને નીચે મુજબનાં ઠરાવ સુધારા સાથે ગત મિનિટ્સને બહાલી આપવામાં આવી.

**<u>ઠરાવ : ૧ –સુધારો : ૧:</u> તા. ૧૩/૦૪/'૦૯નાં રોજ મળેલ સભામાં મુદ્દા : ૫નાં ઠરાવ : ૮(૩) અન્વયે યુનિવર્સિટીનાં બાહ્ય વિદ્યાર્થી તરીકે અનુસ્નાતક અભ્યાસક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓ જો પાર્ટ–૧, ચાર પેપર સાથે પાસ કરેલ હોય અને તેઓ પાર્ટ–૨માં જોડાય તો તેવા વિદ્યાર્થીઓએ જે અભ્યાસક્રમ ચાલી રહેલ હોય તે અભ્યાસક્રમનાં પેપર ૬ થી ૯ એમ કુલ ચાર પેપર જ આપવાનાં રહેશે તેવો ઠરાવ કરવામાં આવે છે.**

**<u>–સુધારો : ૨:</u> તા. ૧૩/૦૪/'૦૯નાં રોજ મળેલ સભામાં મુદ્દા : ૫(૫) નાં ઠરાવ : ૯ અન્વયે અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં પેપર મોડરેશન બાબતે સમિતિની રચના કરવામાં આવેલ હતી અને સમિતિએ લીધેલ નિર્ણયનો ફેરવિચાર કરવા તથા તે સમિતિનો રીપોર્ટ BUTR માં મૂકવા સર્વાનુમતે આથી ઠરાવવામાં આવે છે.**

ઉપરનાં બે સુધારાઓનાં ઠરાવ સાથે મિનિટ્સ નોંધને બહાલ રાખવામાં આવી.

**૨. M.Sc.(કેમેસ્ટ્રી), M.Sc.(જીઓલોજી), M.Sc.(એન્વાયરનમેન્ટલ સાયન્સ)નાં સેમેસ્ટર ૧થી ૪નાં અભ્યાસક્રમો અંતિમ કરવા તથા સ્નાતક–અનુસ્નાતક અભ્યાસક્રમોનાં પ્રેકટીકલ સ્ટ્રકચર બાબતે સ્પષ્ટતાઓ કરવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

M.Sc.(કેમેસ્ટ્રી), M.Sc.(જીઓલોજી), M.Sc.(એન્વાયરનમેન્ટલસાયન્સ)નાં સેમેસ્ટર૧થી ૪નાં અભ્યાસક્રમો અંતિમ કરવા તથા સ્નાતક–અનુસ્નાતક અભ્યાસક્રમોનાં પ્રેકટીકલ સ્ટ્રકચર બાબતે સ્પષ્ટતાઓ કરવા, ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી દ્વારા પત્ર લખાયેલ ચર્ચા વિચારણા અનુસંધાને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u>**

**૧. સભા સમક્ષ રજૂ થયેલ M.Sc.(કેમેસ્ટ્રી)નાં સુધારેલ અભ્યાસક્રમો સેમેસ્ટર : I, II, III, IV ને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ –૧૦થી મંજૂર કરવામાં આવે છે.**

**૨. સભા સમક્ષ રજૂ થયેલ M.Sc. (જીઓલોજી)નાં સુધારેલ અભ્યાસક્રમો સેમેસ્ટર : I, & IV ને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ –૧૦થી મંજૂર કરવામાં આવે છે.**

**૩. સભા સમક્ષ રજૂ થયેલ M.Sc. (એન્વાયરમેન્ટલ સાયન્સ)નાં સુધારેલ અભ્યાસક્રમો સેમેસ્ટર : I, અને IV ને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ –૧૦થી મંજૂર કરવામાં આવે છે.**

૪. વિજ્ઞાન વિદ્યાશાખાનાં સ્નાતક–અનુસ્નાતક અભ્યાસક્રમો માટે પ્રેક્ટીકલ લેબ માટે જુદા જુદા કર્મચારી,અધ્યાપકોશ્રીઓ માટે કામનાં દિવસો, બેચ વાઈસ કેટલાં દિવસ રાખવા,કામનાં કલાકો વગેરેનું **Format** સભામાં રજૂ કરવામાં આવેલ જે બાબો ચર્ચા વિચારણાને અંતે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.

**૩. કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ,કચ્છ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલા પાંચ વર્ષનાં ઈન્ટીગ્રેટેડ M.B.A. અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષનાં અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી મંજૂર કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ,કચ્છ યુનિવર્સિટી દ્વારા પાંચ વર્ષનાં ઈન્ટીગ્રેટેડ M.B.A .અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષ જે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શરૂ કરવામાં આવેલ છે તેનાં અભ્યાસક્રમનાં અમલીકરણ બાબતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો

**<u>ઠરાવ : ૩ :</u> આથી ચર્ચા વિચારણાનાં અંતે M.B.A. પાંચ વર્ષનાં ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષનાં રજૂ થયેલ અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં લાવવાની મંજૂરી આપવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે અભ્યાસક્રમોમાં બોર્ડ ઓફ સ્ટડી અસ્તિત્વમાં હોય ત્યાં સ્નાતક અભ્યાસક્રમો સંબંધિત બોર્ડ ઓફ સ્ટડીમાં મંજૂર થયા બાદ જ એકેડેમિક કાઉન્સિલની સભામાં મંજૂરી અર્થે મૂકવામાં આવે, જ્યારે અનુસ્નાતક અભ્યાસક્રમોની મંજૂરી મેળવવા BUTR માં અભ્યાસક્રમ પાસ કરાવવાનો રહેશે.**

**૪. અનુસ્નાતક ભવનોમાં વિદ્યાર્થીઓનાં સેમેસ્ટરનાં પાસીંગનાં નિયમો બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

કચ્છ યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતક ભવનો સેમેસ્ટર પદ્ધતિ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. પાસીંગનાં ધોરણો તત્કાલિન સમયે રાખવામાં આવ્યા મુજબ, વિદ્યાર્થી એક અને બે સેમેસ્ટરમાં પાસ હોય તો જ તેને ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ મળે તેવો નિયમ અમલમાં છે. જે અન્વયે વિદ્યાર્થીઓની માનનીય ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટીને મળેલ રજૂઆતો અનુસંધાને સભામાં થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ચર્ચા વિચારણાને અંતે રેગ્યુલર અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં પાસીંગનાં નિયમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી સુધારો કરવામાં આવે છે જેમાં સેમેસ્ટર : I, II, III, IV માં એક કે એકથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થીને ટર્મ ગ્રાન્ટ હશેતો આગળનાં સેમેસ્ટરમાં જવાની મંજૂરી આપવામાં આવે છે.**

**આ વિદ્યાર્થીની જો ચારેય ટર્મ ગ્રાન્ટ હશે તો તેણે તેનાં અનુસ્નાતક અભ્યાસક્રમની ચાર ટર્મનાં રેગ્યુલર અભ્યાસ બાદ જે પેપરો પાસ નહી કાર્યા હોય તે પેપરોમાં વધુમાં વધુ બે વર્ષ અથવા ચાર ટ્રાયમાં પાસ થઈ જવાનું રહેશે.આ વિદ્યાર્થીને જે તે વખતે જે અભ્યાસક્રમ ચાલતો હશે તે અભ્યાસક્રમની પરીક્ષા આપવાની રહેશે.**

જો બે વર્ષ અથવા ચાર ટ્રાયમાં તે સંપૂર્ણ પાસ ન થઈ શકે તો તેણે રી–રજીસ્ટ્રેશન કરાવી નવેસરથી સમેસ્ટર–૧માં પ્રવેશ મેળવવાનો રહેશે.

૫. તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,આદિપૂર ખાતે કેમેસ્ટ્રી સાથે ચાલતા **Food Science and Quality Control** નાં પેપર તથા તેના અભ્યાસક્રમ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :

તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,આદિપૂરનાં આચાર્યશ્રી તરફથી Food Science and Quality Control નાં પેપરોનાં નવા અભ્યાસક્રમોમાં બદલાવ સાથે શરૂ કરવા થયેલ રજૂઆત બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૫ : આથી ચર્ચા વિચારણાને અંતે રેગ્યુલર Food Science and Quality Control નાં F.Y.,S.Y.,T.Y. વિજ્ઞાન પ્રવાહમાં એક–એક પેપર અલગથી કેરીયર ઓરીયેન્ટેડ પ્રોગ્રામ (COP) અભ્યાસક્રમો જેવી રીતે ચાલે છે તેવી રીતે ચલાવવાનો રહેશે. આ વિષયની લેવાનાર પરીક્ષામાં ઉત્તિણ થનાર વિદ્યાર્થીને અલગથી કોલેજનાં આચાર્ય/કન્વીનર તથા યુનિવર્સિટીનાં રજીસ્ટ્રારશ્રીની સહીથી સર્ટીફિકેટ ઈશ્યુ કરવાનાં રહેશે.

આ વિષયનાં માર્ક્સ, યુનિવર્સિટીની રેગ્યુલર માર્કશીટ ઈશ્યુ થાય છે તેમાં દર્શાવવામાં આવશે નહી.આ વિષયની પરીક્ષા કોલેજે લેવાની રહેશે.

૬. યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલ / થનાર સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા સંબંધે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :

તા.૧૩/૦૫/'૦૯ની એકઝિક્યૂટીવ કાઉન્સિલની બેઠકમાં ઠરાવવામાં આવ્યા મુજબ"સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં અમુક ટકા, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને Scholarship આપવામાં આવે તે માટેનાં Norms ઘડવા એકેડેમિક કાઉન્સિલને સત્તા આપવામાં આવેલ, જે અનુસંધાને કેટલા ટકા વિદ્યાર્થીઓને Scholarship આપવી, કયા વિદ્યાર્થીઓને Scholarship મળે તથા કેટલી Scholarship આપવી તે માટેનાં નિયમો ઘડવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૬ : આથી ચર્ચા વિચારણાને અંતે યુનિવર્સિટી ખાતે ચાલતા સેસ્ફ ફાયનાન્સ અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓને Scholarship આપવાનાં નિયમો નક્કી કરવા,તથા કોને–કયા વિદ્યાર્થીઓને Scholarship આપવી તે માટે નીચે મુજબનાં સભ્યશ્રીઓની સમિતિની રચનાં કરવામાં આવે છે.

૧. ડૉ. ટી.આર.હાથી. –અધ્યક્ષશ્રી.
રીડર, અર્થશાસ્ત્ર વિભાગ,કચ્છ યુનિવર્સિટી,ભુજ.

૨. ડૉ. પી.એસ.હિરાણી. –સભ્યશ્રી.
રીડર, કોમર્સ વિભાગ,કચ્છ યુનિવર્સિટી,ભુજ.

૩. ડૉ.જી.એ.બક્ષી. —સભ્યશ્રી.
રીડર,કેમેસ્ટ્રી વિભાગ,કચ્છ યુનિવર્સિટી,ભુજ.

૪. શ્રી એ.પી.મહેતા. —સભ્યશ્રી.
સિસ્ટમ ઈજનેરશ્રી, કચ્છ યુનિવર્સિટી,ભુજ.

ઉપર્યુક્ત સમિતિએ સૌ પ્રથમ Scholarship નાં નિયમો નક્કી કરી એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની ભલામણ અર્થે મોકલવાનાં રહેશે.

**૭. T.Y.B.Com.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં લાવવા સંબંધે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી **T.Y.B.Com.**નો અભ્યાસક્રમ અમલમાં મૂકવા સંબંધે સંબંધિત બી.ઓ.એસ.દ્વારા નક્કી થયેલ અભ્યાસક્રમ સભામાં રજૂ કરવામાં આવેલ અને ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી ચર્ચા વિચારણાને અંતે કોમર્સ વિદ્યાશાખા દ્વારા તૈયાર કરવામાં આવેલ T.Y.B.Com.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં મૂકવા ઠરાવવામાં આવે છે.**

**૮. M.Phil.-Education નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં લાવવા /શરૂ કરવા સંબંધે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી M. Phil.-Education નો અભ્યાસક્રમ શરૂ કરવા સંબંધે થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> આથી ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે,** M. Phil.-Education **અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શરૂ કરવા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.**

**૯. M.Ed. – Part Timeનો અભ્યાસક્રમ શરૂ કરવા સંબંધે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાનાં નોકરી કરતા B.Ed. પાસ વિદ્યાર્થીઓને M.Ed. કરવાની તક મળી રહે તે હેતુથી શિક્ષણશાસ્ત્ર અનુસ્નાતક ભવન દ્વારા બે વર્ષનો M.Ed.-Part Time અભ્યાસક્રમ શરૂ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૯ :</u>** M.Ed.-Part Time **અભ્યાસક્રમ યુનિવર્સિટીનાં શિક્ષણશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં શરૂ કરવાની આથી સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. તથા ઠરાવવામાં આવે છે કે, આ બાબતે N.C.T.E. ને નિયત નમૂનામાં અરજી કરવાની અને જરૂરી મંજૂરીઓ મેળવવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા ડૉ.બી.એસ.પટેલ. પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,કચ્છ યુનિવર્સિટીને સોંપવામાં આવે છે.**

૧૦. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

૧. શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯થી F.Y.B.Com.-Computer Science નાં અભ્યાસક્રમને મંજૂર કરવા બાબત...

**ઠરાવ : ૧૦ :** આથી ઠરાવવામાં આવે છે કે, F.Y.B.Com.-Computer Science નાં અભ્યાસક્રમને ડીનશ્રીની મંજૂરી તથા માનનીય કુલપતિશ્રીની મળેલ મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯થી મંજૂર કરવામાં આવે છે.

૨. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શ્રી આર.આર.લાલન કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,ભુજ ખાતે B.Sc.-Applied Electronics & Instrumentation નાં નવા અભ્યાસક્રમને શરૂ કરવા મંજૂરી આપવા બાબત...

**ઠરાવ : ૧૧ :** શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શ્રી આર.આર.લાલન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,ભૂજ ખાતે B.Sc.-Applied Electronics & Instrumentation નવા અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષને શરૂ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી યુનિવર્સિટી ખાતે સેલ્ફ ફાયનાન્સ ધોરણે શરૂ કરવામાં આવેલ M.P.A. નાં અભ્યાસક્રમને મંજૂરી આપવા બાબત...

**ઠરાવ : ૧૨ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે સેલ્ફ ફાયનાન્સ ધોરણે શરૂ કરવામાં આવેલ અભ્યાસક્રમો પૈકીનાં M.P.A.નાં રજૂ થયેલ અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં મૂકવા મંજૂરી આપવામાં આવે છે.

૪. યુનિવર્સિટી સંલગ્ન શ્રી સ્વામિનારાયણ વિજય બી.પી.એડ્. કોલેજ,ખા.. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શરૂ થનાર B.P.Ed.નાં અભ્યાસક્રમને મંજૂરી આપવા બાબત...

**ઠરાવ : ૧૨ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન શ્રી સ્વામિનારાયણ વિજય બી.પી.એડ્.કોલેજ ખાતે શરૂ કરવામાં આવનાર B.P.Ed.નાં અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં મૂકવા મંજૂરી આપવામાં આવે છે.

૫. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શિક્ષણશાસ્ત્ર ભવન ખાતે શરૂ કરવામાં આવનાર M.Phil.-Education નાં અભ્યાસક્રમને મંજૂરી આપવા બાબત...

**ઠરાવ : ૧૩ :** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં શિક્ષણશાસ્ત્ર ભવન ખાતે શરૂ કરવામાં આવનાર અભ્યાસક્રમ M.Phil.-Education નાં રજૂ થયેલ અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં મૂકવા મંજૂરી આપવામાં આવે છે.**

૬. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ભવન ખાતે શરૂ કરવામાં આવેલ M.B.A.-Regular નાં અભ્યાસક્રમને મંજૂરી આપવા બાબત...

**ઠરાવ : ૧૪ :** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ભવન ખાતે શરૂ કરવામાં આવેલ A.I.C.T.E. માન્ય M.B.A.-Regular નાં રજૂ થયેલ અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં મૂકવા મંજૂરી આપવામાં આવે છે.**

૭. બી.એમ.સી.બી.ચેરીટેબલ ટ્રસ્ટ,ભુજ દ્વારા શરૂ કરવામાં આવનાર B.Sc.-Nursingનાં અભ્યાસક્રમ અન્વયે ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા વિદ્યાર્થી પ્રવેશનાં ધોરણોમાં થયેલ ફેરફાર બાબત...

**ઠરાવ : ૧૫ :** **આથી ચર્ચા વિચારણાનાં અંતે ઠરાવવામાં આવે છે કે,જે અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી પ્રવેશનાં નિયમો અને લાયકાતનાં ધોરણો કોઈ કાઉન્સિલ જેવી કે BCI, MCI, NCTE, INC, PCI વગેરે દ્વારા નિયત કરવામાં આવતા હોય ત્યારે સંબંધિત કાઉન્સિલનાં પ્રવર્તમાન નિયમો હંમેશા અમલમાં રહેશે અને તે નિયમો અનુસંધાને પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.**

૮. ગોરસીયા એજયુકેશન ટ્રસ્ટની M.Ed. અભ્યાસક્રમ શરૂ કરવાની જોડાણ અરજી બાબત...

**ઠરાવ : ૧૬ :** **આથી ચર્ચા વિચારણાનાં અંતે ઠરાવવામાં આવે છે કે,ગોરસીયા એજયુકેશન ટ્રસ્ટ,ભુજની M.Ed. અભ્યાસક્રમ શરૂ કરવાની જોડાણ અરજી, N.C.T.E.ની મંજૂરી મળી ગયેલ હોતાં અને સંસ્થાની B.Ed. કોલેજની પ્રતિષ્ઠા ધ્યાને લઈ ખાસ કિસ્સામાં ગ્રાહ્ય રાખવામાં આવે છે. સદર સંસ્થા M.Ed. અભ્યાસક્રમને, શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી શરૂ કરી શકે તેવી મંજૂરી આપવામાં આવે છે.**

૯. તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,આદિપૂર ખાતે ચાલતા M.A.-Hindiનાં મંજૂર થયેલ અભ્યાસક્રમ અન્વયે ડૉ. એસ.જી.ધર્માણી,આચાર્યશ્રી તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,આદિપૂરની રજૂઆતનાં સંદર્ભે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૭ : તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,આદિપૂર ખાતે ચાલતા M.A.-Hindi પાર્ટ–૧ સેમેસ્ટર–રનાં પ્રશ્નપત્ર ૧૦૪ / બીમાં લેખક શારણકુમારની "દલિત બ્રાહમણ"નાં સ્થાને લેખક ઓમપ્રકાશ વાલ્મીકીનું પુસ્તક "સલામ" હોવું જોઈએ જે સુધારો ગ્રાહ્ય રાખવાનો ઠરાવ કરવામાં આવે છે.**

૧૦. સંસ્કાર ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજીનાં તા. ૧૪/૦૭/'૦૯નાં પત્ર બાબત...

સંબંધિત સંસ્થાનાં તા.૧૪/૦૭/'૦૯નાં પત્રમાં જણાવ્યાનુંસાર F.Y.B.B.A.માં 'English' વિષયનો અભ્યાસક્રમ F.Y.B.Com. મુજબનાં 'English' વિષયનાં અભ્યાસક્રમ મુજબ ચલાવવાનો રહેશે તેવો એકેડેમીક કાઉન્સિલનો ઠરાવ અમલમાં છે.

F.Y.B.Com.માં 'English' તથા 'Commercial Communicat – ion. વિષયો ચાલી રહેલ છે જયારે F.Y.B.B.A.માં માત્ર એક જ 'English' નો વિષય આવે છે તે જોતાં, F.Y.B.B.A.માં 'English' નાં સ્થાને 'Commercial Communication' અભ્યાસક્રમ ચલાવવામાં આવે તો વિદ્યાર્થીઓને વધુ ફાયદો થાય તેવી રજૂઆતનાં આધારે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૮ : આથી ઠરાવવામાં આવે છે કે, F.Y.B.B.A.અભ્યાસક્રમમાં ચાલતા 'English' વિષયનાં અભ્યાસક્રમમાં F.Y.B.Com.માં ચાલતા 'Commercial Communication' અભ્યાસક્રમને ભણાવવામાં આવે જેથી વિદ્યાર્થીઓને Skill Develop કરવાનો મોકો મળી શકે S.Y. અને T.Y.B.B.A. માં ચાલતા અભ્યાસક્રમો હાલમાં જેમ ચાલી રહેલ છે તેમજ ચલાવવાનાં રહેશે.**

૧૧. S.Y.B.Sc.-Physics પેપરઃ ૩માં મોડીફીકેશન બાબત...

શ્રી પી.ડી.ઉદેશી વ્યાખ્યાતા,તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,આદિપૂર દ્વારા S.Y.B.Sc.-Physics પેપરઃ ૩માં એક પુસ્તક ઉપલબ્ધ ન હોતાં તેનાં સ્થાને અન્ય પુસ્તક ઉપયોગી હોય પુસ્તક બદલાવવાની રજૂઆત કરતાં નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૯ : આથી ઠરાવવામાં આવે છે કે, ઉક્ત રજૂઆતને આધારે અને ડીનશ્રી,સાયન્સ ફેકલ્ટીની ચર્ચાનાં આધારે પેપર–૩માં Statistical Mechanics (Unit-5) ને રદ્દ કરવામાં આવે છે અને તેનાં સ્થાને Elementary Statistical Mechanics નાં Unit 2 & 3 નો ઉમેરો કરવાની મંજૂરી આપવામાં આવે છે.**

૧૨. અન્ડર ગ્રેજયુએટ –રેગ્યુલર –એક્ષર્ટનલ વિદ્યાર્થીઓનાં એ.ટી.કે.ટી.કે પૂરા વિષયોની પરીક્ષા ઓકટોમ્બર / નવેમ્બરમાં લેવાતી પરીક્ષાઓ સાથે આપવા દેવા બાબત...

હાલમાં અન્ડર ગ્રેજયુએટ લેવલે માત્ર રેગ્યુલર વિદ્યાર્થીઓને જ એ.ટી.કે.ટી. હોય તો ઓકટોમ્બર / નવેમ્બરમાં લેવાતી પરીક્ષાઓમાં પરીક્ષા આપવા દેવામાં આવતી હતી પરંતુ ચર્ચા વિચારણાનાં અંતે પૂરા વિષય કે એ.ટી.કે.ટી. માટે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨૦ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, અન્ડર ગ્રેજયુએટ સ્તરે કોઈ પણ વર્ષનાં રેગ્યુલર કે એક્ષર્ટનલ વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. હોય કે નાપાસ હોય તો, તેઓને ઓકટોમ્બર / નવેમ્બરમાં યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં Whole કે Part પરીક્ષામાં બેસવા દેવાની મંજૂરી આપવામાં આવે છે.આ બાબતે પરીક્ષા વિભાગે યોગ્ય કાર્યવાહી કરવી.**

૧૩. અનુસ્નાતક અભ્યાસક્રમોમાં રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે સેમેસ્ટર પધ્ધતિ અમલમાં છે તે જ પધ્ધતિ એકક્ષર્ટનલ વિદ્યાર્થીઓ માટે પણ અમલમાં લાવવા બાબત...

શ્રી પી.સી.શાહ,વ્યાખ્યાતા, શ્રી જે.બી.ઠકકર કોમર્સ કોલેજ,ભુજ તરફથી એકક્ષર્ટનલ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે પણ સેમેસ્ટર પધ્ધતિ અમલમાં લાવવા બાબતનો મુદ્દો રજૂ થયેલ,જે અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨૧ :</u> આથી ઠરાવવામાં આવે છે કે,અનુસ્નાતક અભ્યાસક્રમોમાં રેગ્યુલર કે એક્ષટર્નલ બન્ને પધ્ધતિઓ સંપૂર્ણ પણે ભિન ભિન્ન હોવાથી, એક્ષટર્નલ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓને સેમેસ્ટર પધ્ધતિ લાગુ પાડી શકાય નહી.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભા પૂર્ણ જાહેર કરવામાં આવી...

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj-KACHCHH.